છગનલાલ મોતીરામ શાહ કૃત

"મુખગણિત શિક્ષક" ભાગ ૩

-: બીજા ધોરણ માટે :- કિંમત બે આના. પોસ્ટેજ જુદું.



છગનલાલ મોતીરામ શાહ.
'મુખગણિત શિક્ષક' વગેરેના કર્તા.—શાહપોર—સુરત.

દેશીરાજ્યોમાં ટેક્સ્ટ બુકસ, ઇનામ, લાયબ્રેરી માટે મંજુર થએલો અને કેળવણીખાતાના અધિકારી સાહેબો તેમજ વિદ્વાન સદ્‌ગૃહસ્થોના ઉત્તમ સર્ટિફિકેટ પામેલો

—: બીજા ધોરણનો :—

'મુખગણિત શિક્ષક' ભા. ૩.

રચનાર—છગનલાલ મોતીરામ શાહ.

"ડિક્ટેશન શિક્ષક" "ભૂગોળ શિક્ષક" પ્રશ્નોત્તરમાળા વગેરેના કર્તા.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર સુરત.

છાપનાર—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.

છાપવાનું ઠેકાણું—અનાવિલ બંધુ પ્રીં. પ્રેસ બરાનપુરી ભાગળ—સુરત.

—:(૦):—

[સંવત ૧૯૮૬] આવૃત્તિ ૧૭ મી [સને ૧૯૩૦

કિંમત રૂ. ૦—૨—૦ પોસ્ટેજ જુદું.

બીજા ધોરણના :—

'અંકગણિતનાં મનોયત્ન' માટે મળેલા અભિપ્રાયો

ગુજરાત કોલેજના ગણિતના પ્રોફેસર સાહેબ રા. રા. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ.

"આપના તરફથી "અંકગણિતનાં મનોયત્ન" એ નામનું પુસ્તક મળ્યું, તેમાં નાના બાળકો માટે સાદા સરલ અને સુંદર દાખલાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે, હરેક હિસાબ રમુજી છે અને તે ગણવામાં બાળકોને રસ પડશે એમાં સંશય નથી, આવું સારૂં પુસ્તક બહાર પાડવા માટે તમને ધન્યવાદ ઘટે છે."

અમદાવાદ, કડવા પોળ તા. ૨૩ મી જુન ૧૯૧૯

"સુરત જિલ્લાના ભૂગોળ શિક્ષક" માટે અભિપ્રાય

ત્રીજા ધોરણનાં છોકરાંને જોઇએ તે ઉપર નજર રાખીને આ નાના પુસ્તકમાં હકીકત સારી ભેગી કરી છે અને તેમને અનુકૂળ થાય એવી સરળ ભાષામાં વર્ણન કર્યું છે."

વડોદરા તા. ૮–૭–૧૯૧૫. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા.

—:(૦):—

સુરત: શહેર તથા ચોર્યાસી તાલુકાનો ભૂગોળ શિક્ષક મહેરબાન કાઠિઆવાડના એજંટ ટુ ધ ગવર્નર સાહેબ બહાદુરે: હુકમ નં. ૩૩૩૧ તા. ૧૫–૭–૧૫થી એજન્સિની સર્વ સ્કૂલમાં લાયબ્રેરી માટે મંજુર કર્યો છે.

"સુરત શહેર તથા ચોર્યાસી તાલુકાના ભૂગોળ શિક્ષક માટે"

: અભિપ્રાયો :

રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી બી. એ.

પ્રે. શા. ટ્રે. કોલેજના માજિ પ્રિન્સિપાલ સાહેબ,

પોતાના તા. ૨૨-૨-૧૫ના પત્રમાં લખે છે કેઃ—

"તમોએ મોકલેલું સુરત શહેર તથા ચોર્યાસી તાલુકાનો "ભૂગોળ શિક્ષક" નામનું પુસ્તક જોઈ ગયો છું. સુરત શહેરની ભૂગોળ શિખવવામાં શિક્ષકોને તે ઉપયોગી થઇ પડશે."

રા. રા. ચુનીલાલ ઘેલાભાઈ શાહ.

સાર્વજનિક હાઈસ્કૂલના હેડમાસ્તર સાહેબ.

પોતાના પત્રમાં લખે છે કેઃ—"તમારી ભૂગોળની ચોપડી (સુરત શહેર તથા ચોર્યાસી તાલુકાનો "ભૂગોળ શિક્ષક")માં શહેરની જાણવાજોગ વિગતો અને સ્થળોનો સારો સંગ્રહ કરવામાં આવ્યો છે, પરીક્ષા વખતે તમારી ચોપડી વિદ્યાર્થીઓને ઘણી ઉપયોગી થઇ પડશે."

મુંબઇ ઈલાકાની ભૂગોળની

પ્રશ્નોત્તરમાળા સાડાચાર આના

મહેરબાન કાઠિઆવાડના એજંટ ટુ ધ ગવર્નર સાહેબ બહાદુરે

નં. B. A. P. ૬૫ તા. ૧૪-૧૨-૧૯૧૯ થી

કાઠિઆવાડ એજન્સિની તમામ પ્રાયમરી સ્કુલોમાં ઇનામ અને લાયબ્રેરી બુક તરીકે મંજુર કરી છે.

છગનલાલ મોતીરામ શાહ કૃત

"મુખગણિત શિક્ષક" ભાગ ૩.

પૂર્ણાંક અને આણુપાણુના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરવાની સહેલી રીતો.

(૧) કોઇપણ રકમમાં ૧૦, ૨૦, ૩૦, વગેરે પુરા દશક ઉમેરવા અથવા બાદ કરવા હોય તો દશકમાં ૧, ૨, ૩, વગેરે ઉમેરવા અથવા બાદ કરવા. જેમકે:—૭૨+૪૦=૧૧૨. ૭૨−૪૦=૩૨.

(૨) કોઇ રકમમાં પુરા દશકથી વધારે ઉમેરવા અથવા બાદ કરવા હોય તો પહેલાં પુરા દશક ઉમેરવા અથવા બાદ કરવા અને પછી વધારાના ઉમેરવા અથવા બાદ કરવા જેમકે:—

૫૨+૨૫=(૫૨+૨૦+૫)=૭૭ ૫૨−૨૫=(૫૨−૨૦−૫)=૨૭

(૩) કોઇ રકમમાં તેજ રકમ ઉમેરવી હોય તો દુ કરવા જેમકે:—

૩૬+૩૬=૭૨; ૩૬×૨=૭૨.

(૪) કોઇ રકમને ૧૦, ૧૦૦, ૧૦૦૦, એ ગુણવા હોય તો તે રકમ પર એક, બે, ત્રણ મીડાં ચઢાવવાં. જેમકે:−૫×૧૦=૫૦; ૫×૧૦૦ =૫૦૦; ૫×૧૦૦૦=૫૦૦૦.

(૫) કોઇ રકમને ૨૦, ૩૦, ૪૦, વગેરેએ ગુણવા હોય તો તે રકમને ૨, ૩, ૪ એ ગુણી મીડું ચઢાવવું. અને ૨૦૦, ૩૦૦, ૪૦૦ વગેરેએ ગુણવા હોય તો બે મીડાં ચઢાવવાં.

(૬) આણુપાણુના અપૂર્ણાંકમાં આણુપાણુના અપૂર્ણાંક ઉમેરવા અથવા બાદ કરવા હોય તો પહેલી રકમમાં બીજી રકમના પૂર્ણાંક ઉમેરવા અથવા બાદ કરવા પછી બીજી રકમની પાણો ઉમેરવી અથવા બાદ કરવી. જેમકે:—

૧૩॥+૪॥;   ૧૩॥+૪=૧૭॥,   ૧૭॥+૦॥=૧૮॥

૧૩॥–૪॥;   ૧૩॥–૪=૯॥,   ૯॥–૦॥=૯

(૭) કોઇ રકમને દસે ગુણવા હોય અને તે રકમ પૂર્ણાંક હોય તો તે ઉપર એક મીંડું ચઢાવવું, પણ છેડે એક પાણુ હોય તો પાણુને બદલે ૨॥, બે પાણુને બદલે ૫, અને ત્રણ પાણુને બદલે ૭॥ ચઢાવવા. જેમકે:—૨૬। , ૩૭॥, ૭૮॥ને ૧૦એ ગુણો. પહેલીમાં છેડે એક પાણુ; બીજીમાં બે પાણુ, અને ત્રીજીમાં ત્રણ પાણુ છે, માટે ૨૬૨॥, ૩૭૫, ૭૮૭॥.

(૮) કોઇ પૂર્ણાંક રકમને ૨॥, ૫, ૭॥ એ ગુણવા હોય તો ૦।, ૦॥ ૦॥, એ ગુણવા એટલા દશક. કારણ કે ૨॥=૦। દશક, ૫=૦॥ દશક, ૭॥=૦॥ દશક છે ૧૨ ને ૨॥, ૫, ૭॥ એ ગુણો. ૩૦, ૬૦, ૯૦

(૯) કોઇ રકમને ૧૦૦ એ ગુણવા હોય અને તે રકમ પૂર્ણાંક હોય તો તે ઉપર બે મીડાં ચઢાવવાં, પણ છેડે એક પાણુ હોય તો પાણુને બદલે ૨૫; બે પાણુને બદલે ૫૦; અને ત્રણ પાણુને બદલે ૭૫ મૂકવા. ૧૨।, ૩૨॥, ૪૩॥, ને ૧૦૦ ગુણો.

(૧૦) કોઇ રકમને ૨૫, ૫૦, ૭૫, ૧૨૫, ૧૫૦, ૨૫૦, ૩૫૦, એ ગુણવા હોય તો ૦।, ૦॥, ૦॥, ૧।, ૧॥, ૨॥, ૩॥ એ ગુણવા એટલા સેંકડા. કારણ કે ૨૫=૦। સો, ૫૦=૦॥ સો, ૭૫=૦॥ સો, ૧૨૫=૧। સો, ૧૫૦=૧॥ સો, ૨૫૦=૨॥ સો, ૩૫૦=૩॥ સો છે.

(૧૧) કોઇ રકમને ૦। એ ભાગવા હોય તો ૪એ ગુણવા, અને ૦॥ ભાગવા હોય તો ૨ એ ગુણવા. જેમકે:– ૩૭÷૦।=૩૭×૪=૧૪૮ ૩૭॥÷૦॥=૩૭×૨=૭૪.

શેરની ધાત *

શેરના અચ્છેરા	૨	૨ અચ્છેરે	૧ શેર
શેરના પાશેરા	૪	૪ પાશેરે	૧ શેર
શેરના નવટાંકા	૮	૮ નવટાંકે	૧ શેર
શેરના અધોળા	૧૬	૧૬ અધોળે	૧ શેર
શેરના રૂપીઆભાર	૪૦	૪૦ રૂપીઆભાર	૧ શેર
શેરના પૈસાભાર	૭૨	૭૨ પૈસાભાર	૧ શેર

ટીપ—૭૨ જુના પૈસાભાર=૧ શેર, અને ૯૬ નવા પૈસાભાર=૧શેર

શેરના	રૂપીઆભાર	૪૦
પોણોશેરના	રૂપીઆભાર	૩૦
અચ્છેરના	રૂપીઆભાર	૨૦
પાશેરના	રૂપીઆભાર	૧૦
નવટાંકના	રૂપીઆભાર	૫
અધોળના	રૂપીઆભાર	૨॥

૪૦	રૂપીઆભાર	૧ શેર
૩૦	રૂપીઆભાર	૦॥। શેર
૨૦	રૂપીઆભાર	૦॥ શેર
૧૦	રૂપીઆભાર	૦। શેર
૫	રૂપીઆભાર	નવટાંક
૨॥	રૂપીઆભાર	અધોળ

શેરના	પૈસાભાર	૭૨
પોણો શેરના	પૈસાભાર	૫૪
અચ્છેરના	પૈસાભાર	૩૬
પાશેરના	પૈસાભાર	૧૮
નવટાંકના	પૈસાભાર	૯
અધોળના	પૈસાભાર	૪॥

* વર્ગમાં ત્રાજવાં કાટલાં હાજર રાખી છોકરાઓ પાસે તોળાવીને તેમની પાસેજ ઉપજાવી કઢાવવી, રૂપીઆની ધાત જોડે શેરની ધાતનો સંબંધ જોડવો. ૭મા પાનાની ટીપ જુઓ.

૭૨	પૈસાભાર	૧ શેર
૫૪	પૈસાભાર	૦॥। શેર
૩૬	પૈસાભાર	૦॥ શેર
૧૮	પૈસાભાર	૦। શેર
૯	પૈસાભાર	નવટાંક
૪॥	પૈસાભાર	અધોળ

શેરના	અધોળા	૧૬
પોણોશેરના	અધોળા	૧૨
અચ્છેરના	અધોળા	૮
પાશેરના	અધોળા	૪
નવટાંકના	અધોળા	૨

૨	અધોળે	નવટાંક
૪	અધોળે	પાશેર
૮	અધોળે	અચ્છેર
૧૨	અધોળે	પોણોશેર
૧૬	અધોળે	એક શેર

શેરના	નવટાંકા	૮
પોણોશેરના	નવટાંકા	૬
અચ્છેરના	નવટાંકા	૪
પાશેરના	નવટાંકા	૨

૨	નવટાંકે	પાશેર
૪	નવટાંકે	અચ્છેર
૬	નવટાંકે	પોણોશેર
૮	નવટાંકે	એક શેર

શેરના	પાશેરા	૪
પોણોશેરના	પાશેરા	૩
અચ્છેરના	પાશેરા	૨

૨	પાશેરે	અચ્છેર
૩	પાશેરે	પોણોશેર
૪	પાશેરે	એક શેર

રૂપીઆ	એકના	અડધા	૨	શેર	એકના	અચ્છેરા	૨
રૂપીઆ	એકની	પાવલી	૪	શેર	એકના	પાશેરા	૪
રૂપીઆ	એકની	બેઆની	૮	શેર	એકના	નવટાંકા	૮
રૂપીઆ	એકના	આના	૧૬	શેર	એકના	અધોળા	૧૬

મણની ધાત.

મણના અધમણીઆ	૨
મણના દશશેરા	૪
મણની પાંચશેરી	૮
મણની અઢીશેરી	૧૬
મણની સવાશેરી	૩૨
મણના શેર	૪૦

૨	અધમણીઆ	૧	મણ
૪	દશશેરા	૧	મણ
૮	પાંચશેરી	૧	મણ
૧૬	અઢીશેરી	૧	મણ
૩૨	સવાશેરી	૧	મણ
૪૦	શેર	૧	મણ

૧	મણના	૪૦	શેર
૦।।।	મણના	૩૦	શેર
૦।।	મણના	૨૦	શેર
૦।	મણના	૧૦	શેર

૪૦	શેર	૧	મણ
૩૦	શેર	૦।।।	મણ
૨૦	શેર	૦।।	મણ
૧૦	શેર	૦।	મણ

૧	મણની	અઢીશેરી	૧૬
૦।।।	મણની	અઢીશેરી	૧૨
૦।।	મણની	અઢીશેરી	૮
૦।	મણની	અઢીશેરી	૪
૫	શેરની	અઢીશેરી	૨

૨	અઢીશેરી	૫	શેર
૪	અઢીશેરી	૦।	મણ
૮	અઢીશેરી	૦।।	મણ
૧૨	અઢીશેરી	૦।।।	મણ
૧૬	અઢીશેરી	૧	મણ

૧	મણની	પાંચશેરી	૮
૦।।।	મણની	પાંચશેરી	૬
૦।।	મણની	પાંચશેરી	૪
૦।	મણની	પાંચશેરી	૨

૨ પાંચશેરીએ	૦।	મણ	૦॥	મણના	દસશેરા ૨
૪ પાંચશેરીએ	૦॥	મણ	૦।	મણનો	દસશેરો ૧
૬ પાંચશેરીએ	૦॥।	મણ			
૮ પાંચશેરીએ	૧	મણ	૧ દસશેરે	૦।	મણ
			૨ દસશેરા	૦॥	મણ
૧	મણના	દશશેરા ૪	૩ દસશેરા	૦॥।	મણ
૦॥।	મણના	દશશેરા ૩	૪ દસશેરા	૧	મણ

આનાની ધાત.	૬૪ - રૂ. ૪)	૮૦૦ - રૂ. ૫૦)
૪ આનાનો રૂા. ૦।	૬૮ - રૂ. ૪।	૯૦૦ - રૂ. ૫૬।
૮ - રૂ. ૦॥	૭૨ - રૂ. ૪॥	૧૦૦૦ - રૂ. ૬૨॥
૧૨ - રૂ. ૦॥।	૭૬ - રૂ. ૪॥।	———
૧૬ - રૂ. ૧)	૮૦ - રૂ. ૫)	૧૬આનાનો રૂ.૧)
૨૦ - રૂ. ૧।	૮૪ - રૂ. ૫।	૩૨ - રૂ. ૨)
૨૪ - રૂ. ૧॥	૮૮ - રૂ. ૫॥	૪૮ - રૂ. ૩)
૨૮ - રૂ. ૧॥।	૯૨ - રૂ. ૫॥।	૬૪ - રૂ. ૪)
૩૨ - રૂ. ૨)	૯૬ - રૂ. ૬)	૮૦ - રૂ. ૫)
૩૬ - રૂ. ૨।	૧૦૦ - રૂ. ૬।	૯૬ - રૂ. ૬)
૪૦ - રૂ. ૨॥	૨૦૦ - રૂ. ૧૨॥	૧૧૨ - રૂ. ૭)
૪૪ - રૂ. ૨॥।	૩૦૦ - રૂ. ૧૮॥।	૧૨૮ - રૂ. ૮)
૪૮ - રૂ. ૩)	૪૦૦ - રૂ. ૨૫)	૧૪૪ - રૂ. ૯)
૫૨ - રૂ. ૩।	૫૦૦ - રૂ. ૩૧।	૧૬૦ - રૂ. ૧૦)
૫૬ - રૂ. ૩॥	૬૦૦ - રૂ. ૩૭॥	સૂચના—ધાત સવળી
૬૦ - રૂ. ૩॥।	૭૦૦ - રૂ. ૪૩॥।	અવળી મોઢે કરાવવી.

૧	×૦।।।=	૦।।।	૧૧	×૦।।।=	૮।	૨૧	×૦।।।=	૧૫।।।	૩૧	×૦।।।=	૨૩
૨	૦।।।	૧।।	૧૨	૦।।।	૯	૨૨	૦।।।	૧૬।।	૩૨	૦।।।	૨૪
૩	૦।।।	૨।	૧૩	૦।।।	૯।।।	૨૩	૦।।।	૧૭।	૩૩	૦।।।	૨૪
૪	૦।।।	૩	૧૪	૦।।।	૧૦।।	૨૪	૦।।।	૧૮	૩૪	૦।।।	૨૫
૫	૦।।।	૩।।।	૧૫	૦।।।	૧૧।	૨૫	૦।।।	૧૮।।।	૩૫	૦।।।	૨૬
૬	૦।।।	૪।।	૧૬	૦।।।	૧૨	૨૬	૦।।।	૧૯।।	૩૬	૦।।।	૨૭
૭	૦।।।	૫।	૧૭	૦।।।	૧૨।।।	૨૭	૦।।।	૨૦।	૩૭	૦।।।	૨૭
૮	૦।।।	૬	૧૮	૦।।।	૧૩।।	૨૮	૦।।।	૨૧	૩૮	૦।।।	૨૮
૯	૦।।।	૬।।।	૧૯	૦।।।	૧૪।	૨૯	૦।।।	૨૧।।।	૩૯	૦।।।	૨૯
૧૦	૦।।।	૭।।	૨૦	૦।।।	૧૫	૩૦	૦।।।	૨૨।।	૪૦	૦।।।	૩૦

૪૧	×૦।।।=	૩૦।।।	૫૧	×૦।।।=	૩૮।	૬૧	×૦।।।=	૪૫।।।	૭૧	×૦।।।=	૫
૪૨	૦।।।	૩૧।।	૫૨	૦।।।	૩૯	૬૨	૦।।।	૪૬।।	૭૨	૦।।।	૫
૪૩	૦।।।	૩૨।	૫૩	૦।।।	૩૯।।।	૬૩	૦।।।	૪૭।	૭૩	૦।।।	૫
૪૪	૦।।।	૩૩	૫૪	૦।।।	૪૦।।	૬૪	૦।।।	૪૮	૭૪	૦।।।	૫
૪૫	૦।।।	૩૩।।।	૫૫	૦।।।	૪૧।	૬૫	૦।।।	૪૮।।।	૭૫	૦।।।	૫
૪૬	૦।।।	૩૪।।	૫૬	૦।।।	૪૨	૬૬	૦।।।	૪૯।।	૭૬	૦।।।	૫
૪૭	૦।।।	૩૫।	૫૭	૦।।।	૪૨।।।	૬૭	૦।।।	૫૦।	૭૭	૦।।।	૫
૪૮	૦।।।	૩૬	૫૮	૦।।।	૪૩।।	૬૮	૦।।।	૫૧	૭૮	૦।।।	૫
૪૯	૦।।।	૩૬।।।	૫૯	૦।।।	૪૪।	૬૯	૦।।।	૫૧।।।	૭૯	૦।।।	૫
૫૦	૦।।।	૩૭।।	૬૦	૦।।।	૪૫	૭૦	૦।।।	૫૨।।	૮૦	૦।।।	૬

૮૧	×૦।।।	૬૦।।।	૯૧	×૦।।।=	૬૮।
૮૨	૦।।।	૬૧।।	૯૨	૦।।।	૬૯
૮૩	૦।।।	૬૨।	૯૩	૦।।।	૬૯।।।
૮૪	૦।।।	૬૩	૯૪	૦।।।	૭૦।।
૮૫	૦।।।	૬૩।।।	૯૫	૦।।।	૭૧।
૮૬	૦।।।	૬૪।।	૯૬	૦।।।	૭૨
૮૭	૦।।।	૬૫।	૯૭	૦।।।	૭૨।।।
૮૮	૦।।।	૬૬	૯૮	૦।।।	૭૩।।
૮૯	૦।।।	૬૬।।।	૯૯	૦।।।	૭૪।
૯૦	૦।।।	૬૭।।	૧૦૦	૦।।।	૭૫

૧×૧॥= ૧॥	૨×૦॥।= ૧॥	૧૧×૧॥=૧૬॥	૨૨×૦॥।=૧૬॥
૨ ૧॥ ૩	૪ ૦॥। ૩	૧૨ ૧॥ ૧૮	૨૪ ૦॥। ૧૮
૩ ૧॥ ૪॥	૬ ૦॥। ૪॥	૧૩ ૧॥ ૧૯॥	૨૬ ૦॥। ૧૯॥
૪ ૧॥ ૬	૮ ૦॥। ૬	૧૪ ૧॥ ૨૧	૨૮ ૦॥। ૨૧
૫ ૧॥ ૭॥	૧૦ ૦॥। ૭॥	૧૫ ૧॥ ૨૨॥	૩૦ ૦॥। ૨૨॥
૬ ૧॥ ૯	૧૨ ૦॥। ૯	૧૬ ૧॥ ૨૪	૩૨ ૦॥। ૨૪
૭ ૧॥ ૧૦॥	૧૪ ૦॥। ૧૦॥	૧૭ ૧॥ ૨૫॥	૩૪ ૦॥। ૨૫॥
૮ ૧॥ ૧૨	૧૬ ૦॥। ૧૨	૧૮ ૧॥ ૨૭	૩૬ ૦॥। ૨૭
૯ ૧॥ ૧૩॥	૧૮ ૦॥। ૧૩॥	૧૯ ૧॥ ૨૮॥	૩૮ ૦॥। ૨૮॥
૧૦ ૧॥ ૧૫	૨૦ ૦॥। ૧૫	૨૦ ૧॥ ૩૦	૪૦ ૦॥। ૩૦
૨૧×૧॥=૩૧॥	૪૨×૦॥।=૩૧॥	૩૧×૧॥=૪૬॥	૬૨×૦॥।=૪૬॥
૨૨ ૧॥ ૩૩	૪૪ ૦॥। ૩૩	૩૨ ૧॥ ૪૮	૬૪ ૦॥। ૪૮
૨૩ ૧॥ ૩૪॥	૪૬ ૦॥। ૩૪॥	૩૩ ૧॥ ૪૯॥	૬૬ ૦॥। ૪૯॥
૨૪ ૧॥ ૩૬	૪૮ ૦॥। ૩૬	૩૪ ૧॥ ૫૧	૬૮ ૦॥। ૫૧
૨૫ ૧॥ ૩૭॥	૫૦ ૦॥। ૩૭॥	૩૫ ૧॥ ૫૨॥	૭૦ ૦॥। ૫૨॥
૨૬ ૧॥ ૩૯	૫૨ ૦॥। ૩૯	૩૬ ૧॥ ૫૪	૭૨ ૦॥। ૫૪
૨૭ ૧॥ ૪૦॥	૫૪ ૦॥। ૪૦॥	૩૭ ૧॥ ૫૫॥	૭૪ ૦॥। ૫૫॥
૨૮ ૧॥ ૪૨	૫૬ ૦॥। ૪૨	૩૮ ૧॥ ૫૭	૭૬ ૦॥। ૫૭
૨૯ ૧॥ ૪૩॥	૫૮ ૦॥। ૪૩॥	૩૯ ૧॥ ૫૮॥	૭૮ ૦॥। ૫૮॥
૩૦ ૧॥ ૪૫	૬૦ ૦॥। ૪૫	૪૦ ૧॥ ૬૦	૮૦ ૦॥। ૬૦
૪૧×૧॥=૬૧॥	૮૨×૦॥।=૬૧॥		
૪૨ ૧॥ ૬૩	૮૪ ૦॥। ૬૩		
૪૩ ૧॥ ૬૪॥	૮૬ ૦॥। ૬૪॥		
૪૪ ૧॥ ૬૬	૮૮ ૦॥। ૬૬		
૪૫ ૧॥ ૬૭॥	૯૦ ૦॥। ૬૭॥		
૪૬ ૧॥ ૬૯	૯૨ ૦॥। ૬૯		
૪૭ ૧॥ ૭૦॥	૯૪ ૦॥। ૭૦॥		
૪૮ ૧॥ ૭૨	૯૬ ૦॥। ૭૨		
૪૯ ૧॥ ૭૩॥	૯૮ ૦॥। ૭૩॥		
૫૦ ૧॥ ૭૫	૧૦૦ ૦॥। ૭૫		

૧×૧।= ૧।	૧૧×૧।=૧૩॥।	૨૧×૧।=૨૬।	૩૧×૧।=૩૮॥।
૨ ૧। ૨॥	૧૨ ૧। ૧૫	૨૨ ૧। ૨૭॥	૩૨ ૧। ૪૦
૩ ૧। ૩॥।	૧૩ ૧। ૧૬।	૨૩ ૧। ૨૮॥।	૩૩ ૧। ૪૧।
૪ ૧। ૫	૧૪ ૧। ૧૭॥	૨૪ ૧। ૩૦	૩૪ ૧। ૪૨॥
૫ ૧। ૬।	૧૫ ૧। ૧૮॥।	૨૫ ૧। ૩૧।	૩૫ ૧। ૪૩॥।
૬ ૧। ૭॥	૧૬ ૧। ૨૦	૨૬ ૧। ૩૨॥	૩૬ ૧। ૪૫
૭ ૧। ૮॥।	૧૭ ૧। ૨૧।	૨૭ ૧। ૩૩॥।	૩૭ ૧। ૪૬।
૮ ૧। ૧૦	૧૮ ૧। ૨૨॥	૨૮ ૧। ૩૫	૩૮ ૧। ૪૭॥
૯ ૧। ૧૧।	૧૯ ૧। ૨૩॥।	૨૯ ૧। ૩૬।	૩૯ ૧। ૪૮॥।
૧૦ ૧। ૧૨॥	૨૦ ૧। ૨૫	૩૦ ૧। ૩૭॥	૪૦ ૧। ૫૦

૪૧×૧। ૫૧।	૫૧×૧।=૬૩॥।	૬૧×૧।=૭૬।	૭૧×૧।=૮૮॥।
૪૨ ૧। ૫૨॥	૫૨ ૧। ૬૫	૬૨ ૧। ૭૭॥	૭૨ ૧। ૯૦
૪૩ ૧। ૫૩॥।	૫૩ ૧। ૬૬।	૬૩ ૧। ૭૮॥।	૭૩ ૧। ૯૧।
૪૪ ૧। ૫૫	૫૪ ૧। ૬૭॥	૬૪ ૧। ૮૦	૭૪ ૧। ૯૨॥
૪૫ ૧। ૫૬।	૫૫ ૧। ૬૮॥।	૬૫ ૧। ૮૧।	૭૫ ૧। ૯૩॥।
૪૬ ૧। ૫૭॥	૫૬ ૧। ૭૦	૬૬ ૧। ૮૨॥	૭૬ ૧। ૯૫
૪૭ ૧। ૫૮॥।	૫૭ ૧। ૭૧।	૬૭ ૧। ૮૩॥।	૭૭ ૧। ૯૬।
૪૮ ૧। ૬૦	૫૮ ૧। ૭૨॥	૬૮ ૧। ૮૫	૭૮ ૧। ૯૭॥
૪૯ ૧। ૬૧।	૫૯ ૧। ૭૩॥।	૬૯ ૧। ૮૬।	૭૯ ૧। ૯૮॥।
૫૦ ૧। ૬૨॥	૬૦ ૧। ૭૫	૭૦ ૧। ૮૭॥	૮૦ ૧। ૧૦૦

૮૧×૧।=૧૦૧।	૯૧×૧।=૧૧૩॥।
૮૨ ૧। ૧૦૨॥	૯૨ ૧। ૧૧૫
૮૩ ૧। ૧૦૩॥।	૯૩ ૧। ૧૧૬।
૮૪ ૧। ૧૦૫	૯૪ ૧। ૧૧૭॥
૮૫ ૧। ૧૦૬।	૯૫ ૧। ૧૧૮॥।
૮૬ ૧। ૧૦૭॥	૯૬ ૧। ૧૨૦
૮૭ ૧। ૧૦૮॥।	૯૭ ૧। ૧૨૧।
૮૮ ૧। ૧૧૦	૯૮ ૧। ૧૨૨॥
૮૯ ૧। ૧૧૧।	૯૯ ૧। ૧૨૩॥।
૯૦ ૧। ૧૧૨॥	૧૦૦ ૧। ૧૨૫

૧×	૨॥=	૨॥	૨×	૧।=	૨॥	૧૧×	૨॥=	૨૭॥	૨૨×	૧।=	૨૭॥
૨	૨॥	૫	૪	૧।	૫	૧૨	૨॥	૩૦	૨૪	૧।	૩૦
૩	૨॥	૭॥	૬	૧।	૭॥	૧૩	૨॥	૩૨॥	૨૬	૧।	૩૨॥
૪	૨॥	૧૦	૮	૧।	૧૦	૧૪	૨॥	૩૫	૨૮	૧।	૩૫
૫	૨॥	૧૨॥	૧૦	૧।	૧૨॥	૧૫	૨॥	૩૭॥	૩૦	૧।	૩૭॥
૬	૨॥	૧૫	૧૨	૧।	૧૫	૧૬	૨॥	૪૦	૩૨	૧।	૪૦
૭	૨॥	૧૭॥	૧૪	૧।	૧૭॥	૧૭	૨॥	૪૨॥	૩૪	૧।	૪૨॥
૮	૨॥	૨૦	૧૬	૧।	૨૦	૧૮	૨॥	૪૫	૩૬	૧।	૪૫
૯	૨॥	૨૨॥	૧૮	૧।	૨૨॥	૧૯	૨॥	૪૭॥	૩૮	૧।	૪૭॥
૧૦	૨॥	૨૫	૨૦	૧।	૨૫	૨૦	૨॥	૫૦	૪૦	૧।	૫૦

૨૧×	૨॥=	૫૨॥	૪૨×	૧।=	૫૨॥	૩૧×	૨॥=	૭૭॥	૬૨×	૧।=	૭૭॥
૨૨	૨॥	૫૫	૪૪	૧।	૫૫	૩૨	૨॥	૮૦	૬૪	૧।	૮૦
૨૩	૨॥	૫૭॥	૪૬	૧।	૫૭॥	૩૩	૨॥	૮૨॥	૬૬	૧।	૮૨॥
૨૪	૨॥	૬૦	૪૮	૧।	૬૦	૩૪	૨॥	૮૫	૬૮	૧।	૮૫
૨૫	૨॥	૬૨॥	૫૦	૧।	૬૨॥	૩૫	૨॥	૮૭॥	૭૦	૧।	૮૭॥
૨૬	૨॥	૬૫	૫૨	૧।	૬૫	૩૬	૨॥	૯૦	૭૨	૧।	૯૦
૨૭	૨॥	૬૭॥	૫૪	૧।	૬૭॥	૩૭	૨॥	૯૨॥	૭૪	૧।	૯૨॥
૨૮	૨॥	૭૦	૫૬	૧।	૭૦	૩૮	૨॥	૯૫	૭૬	૧।	૯૫
૨૯	૨॥	૭૨॥	૫૮	૧।	૭૨॥	૩૯	૨॥	૯૭॥	૭૮	૧।	૯૭॥
૩૦	૨॥	૭૫	૬૦	૧।	૭૫	૪૦	૨॥	૧૦૦	૮૦	૧।	૧૦૦

૪૧×	૨॥=	૧૦૨॥	૮૨×	૧।=	૧૦૨॥
૪૨	૨॥	૧૦૫	૮૪	૧।	૧૦૫
૪૩	૨॥	૧૦૭॥	૮૬	૧।	૧૦૭॥
૪૪	૨॥	૧૧૦	૮૮	૧।	૧૧૦
૪૫	૨॥	૧૧૨॥	૯૦	૧।	૧૧૨॥
૪૬	૨॥	૧૧૫	૯૨	૧।	૧૧૫
૪૭	૨॥	૧૧૭॥	૯૪	૧।	૧૧૭॥
૪૮	૨॥	૧૨૦	૯૬	૧।	૧૨૦
૪૯	૨॥	૧૨૨॥	૯૮	૧।	૧૨૨॥
૫૦	૨॥	૧૨૫	૧૦૦	૧।	૧૨૫

એકે પોણું પોણો.

૧×	૦॥।	=૦॥।
૨	૦॥।	૧॥
૩	૦॥।	૨।
૪	૦॥।	૩
૫	૦॥।	૩॥।
૬	૦॥।	૪॥
૭	૦॥।	૫।
૮	૦॥।	૬
૯	૦॥।	૬॥।
૧૦	૦॥।	૭॥

સો પોણા પોણોસો.

૧૦૦×	૦॥।	==૭૫
૨૦૦	૦॥।	૧૫૦
૩૦૦	૦॥।	૨૨૫
૪૦૦	૦॥।	૩૦૦
૫૦૦	૦॥।	૩૭૫
૬૦૦	૦॥।	૪૫૦
૭૦૦	૦॥।	૫૨૫
૮૦૦	૦॥।	૬૦૦
૯૦૦	૦॥।	૬૭૫
૧૦૦૦	૦॥।	૭૫૦

એકે સવા સવા.

૧×	૧।	==૧।
૨	૧।	૨॥
૩	૧।	૩॥।
૪	૧।	૫
૫	૧।	૬।
૬	૧।	૭॥
૭	૧।	૮॥।
૮	૧।	૧૦
૯	૧।	૧૧।
૧૦	૧।	૧૨॥

સો સવા સવાસો.

૧૦૦×	૧।	==૧૨૫
૨૦૦	૧।	૨૫૦
૩૦૦	૧।	૩૭૫
૪૦૦	૧।	૫૦૦
૫૦૦	૧।	૬૨૫
૬૦૦	૧।	૭૫૦
૭૦૦	૧।	૮૭૫
૮૦૦	૧।	૧૦૦૦
૯૦૦	૧।	૧૧૨૫
૧૦૦૦	૧।	૧૨૫૦

મનોયત્ન ૧.

સૂચના-એક પ્રશ્નમાં એકથી વધારે પ્રશ્ન હોય તો એકેક પૂછવો.

અગિઆરાના આંકનો ઉપયોગ.

(૧) એક ખુરસીના ચાર રૂપીઆ બેસે તો ૧૯ ખુરસીનું શું બેસશે?

(૨) એક કોથળીમાં ૧૭ રૂપીઆ છે, તો એવી ૯ કોથળીમાં મળીને કેટલા રૂપીઆ હશે?

(૩) દરેક છોકરાને ૮, ૮ પતાસાં આપીએ તો ૧૪ છોકરાને આપવાને કેટલાં પતાસાં જોઇએ ?

(૪) ૧૫, ૧૯, ૧૮, ૧૭, ૧૪, અને ૧૩ પાંચ વખત લઇએ તો કેટલા થાય ? પાંચે ગુણીએ તો શું આવે ?

(૫) ૨૦ ત્રણ વાર લઇએ તો કેટલા થાય ? ૧૬×૧ થી ૧૬×૧૦ સુધીના જવાબ બોલો.

(૬) ૧૧×૧ થી ૨૦×૧૦ સુધીમાં નવની પલાખીના જવાબ બોલો.

(૭) ૧૯×૫, ૧૩×૭, ૧૭×૮, ૧૫×૯, ૧૮×૭, ૧૬×૬ કેટલા ?

(૮) ૧૩ પાંચવાર, ૧૭ સાતવાર, ૧૯ ૭ વાર, ૧૫ સાતવાર, ૧૩ નવવાર, અને ૧૮ ૭ વાર તે કેટલા ?

(૯) ૧૯, ૧૫, ૧૭, ૧૩, ૧૧, ૧૨, ૧૬, ૧૮, ૨૦ અને ૧૪, આઠ વખત લઇએ તો કેટલા થાય ?

(૧૦) ૧૯×૬, ૧૫×૭, ૧૮×૬, ૧૩×૯, ૧૪×૮, ૧૨×૯, ૧૬×૫, અને ૧૮×૮ તે કેટલા ?

(૧૧) ૭ બેઆનીની દોઢપાઈ કેટલી અને પૈસા કેટલા ?

(૧૨) ૧, ૨, ૩, ૪ એમ દસ રૂપીઆ સુધીના આના કહો.

(૧૩) ૪ જમરૂખનો એક આનો બેસે તો ૧ રૂપીઆમાં કેટલાં જમરૂખ આવે ?

(૧૪) કેટલી બેઆની હોય તો ૧૭ રૂપીઆ થાય ?

(૧૫) ૭૬+૧૯, ૭૨+૧૮, ૧૦૫+૧૫, ૧૧૭+૧૩, ૮૪+૧૨, કેટલા ?

(૧૬) ૭૭+૧૧, ૯૬+૧૬, ૬૦+૧૨, ૮૪+૧૪, ૯૬+૧૨, કેટલા ?

(૧૭) ૧૧+૮૮ ૧૨+૯૬, ૧૩+૬૫, ૧૪+૯૮, ૧૫+૭૫, કેટલા ?

(૧૮) ૧૭+૧૩૬, ૧૮+૧૪૪, ૧૯+૧૫૨, ૨૦+૧૪૦, કેટલા ?

(૧૯) ૯૫−૧૯, ૯૦−૧૮, ૧૨૦−૧૫, ૧૪૦−૧૪, ૯૬−૧૨, કેટલા ?
(૨૦) ૮૮−૧૧, ૧૧૨−૧૬, ૧૦૮−૧૨, ૯૮−૧૪, ૧૦૦−૨૦ કેટલા ?
(૨૧) ૧૮૦ માંથી કંઇ ન વધે ત્યાં સુધી અઢાર અઢાર લેતા જાઓ અને બાકી શું વધે તે કહેતા જાઓ.
(૨૨) ૯૫માં ૧૯ ઉમેરીએ તો કેટલા થાય ? ૧૩૩માંથી ૧૧૪ જાય તો કેટલા રહે ? ૧૩૩માંથી ૧૯ જાય તો કેટલા રહે ?
(૨૩) ઓગણીઆ, પંદરા, તેરા, સત્તરા, અને બારા સવળા તથા અવળા બોલો.
(૨૪) ૧૮ છોકરાની ૭ હાર થવામાં ૧૮ છોકરા ખૂટે છે, ત્યારે કેટલા છોકરા હશે ?
(૨૫) આનાની ચાર લેખે ૧૮ આનાની કેરીઓ લીધી અને બીજી આનાની ૬ લેખે બે આનાની લીધી તો બધી મળી કેટલી કેરી થઇ?
(૨૬) પાવલાના ૧૬ લીંબુ મળે તો રૂપીઆના કેટલાં ?
(૨૭) બારોતેરસો, પાંચોતેરસો, પંચોતેરસો, આઠોતેરસો, સતરોતેરસો, બીસંતરસો અને દાઓતેરસો એટલે કેટલા ?
(૨૮) ૧૦૨, ૧૦૫, ૧૭૫, ૧૦૮, ૧૧૦, ૧૨૮, ૧૩૫, ૧૦૪, ૧૧૭, ૧૧૨, ૧૮૦, એ આંકમાં કેમ બોલાય ?
(૨૯) ૯૧ રૂપીઆમાંથી તેર તેર રૂપીઆવાળી કેટલી સાડી આવે ?
(૩૦) ૯૫ બોરમાંથી દરેકને પાંચ પાંચ બોર આપું તો કેટલા છોકરાને અપાય ? ઓગણીસ ઓગણીસ આપું તો કેટલા છોકરાને અપાય ?
(૩૧) કેટલા ચોક પર ? કેટલા પંચા સાઠ ? કેટલા ચોક સાઠ ?
(૩૨) ૧૪૪ માં ૮, ૯, ૧૬ અને ૧૮ કેટલીવાર છે ?
(૩૩) ૯૬ માં ૬ કેટલીવાર, ૧૨ કેટલીવાર, અને ૧૬ કેટલીવાર ?

(૩૪) કેટલા ચોક ૬૪, ૬૮, ૫૬, ૭૬, ૮૦. ૭૨ અને ૬૦ થાય?
(૩૫) કેટલા આના હોય તો ૯ રૂપીઆ આવે!
(૩૬) ૧૫૨ બોર વહેંચતા દરેકને ૮ બોર આવ્યાં ત્યારે છોકરા કેટલા હશે?
(૩૭) ક્યા ક્યા પલાખાંનો જવાબ ૭૨ આવે! દોઢસો એટલે કેટલા દશક!
(૩૮) ૭ આનાની પાઇ વટાવી ૧૨ છોકરાને વહેંચી આપી, તો દરેકને કેટલી મળી હશે!

(૩૯) ૧૫ છોકરાની ૮ હાર કરવાને બદલે ૧૨ છોકરાની કેટલી હાર કરવી!
(૪૦) ૮ પૈસાના ૧૫૨ બોર તો ૭ પૈસાના કેટલાં?
(૪૧) જે જે પલાખાંના જવાબમાં ૧૪૪ આવતા હોય તે કહો.

મનોયત્ન ૨. એકવીસાના આંકનો ઉપયોગ

(૧) ૨૯×૫, ૨૩×૮, ૨૮×૬, ૨૩×૯, ૨૫×૭, ૨૯×૭ કેટલા?
(૨) ૨૩ પાંચવાર, ૨૭ સાતવાર, ૨૫ નવવાર, ૨૪ સાત વાર, ૨૯ નવ વાર, અને ૨૪ નવ વાર તે કેટલા!
(૩) ૨૫, ૨૯, ૨૮, ૨૩, ૨૬, ૨૪ ને ત્રણે ગુણીએ તો શું આવે?
(૪) એક ઓવરકોટની સીવડામણ ૭ રૂપીઆ થાય તો ૧૮૧ રૂપીઆમાં કેટલા ઓવરકોટ સિવાય અને બાકી શું વધે?
(૫) એક ટેબલના ૨૬ રૂપીઆ બેસે છે તો ૮ ટેબલનું શું બેસશે?
(૬) ૨૨ વારનો એક એવા ૭ તાકા છે, તો બધું મળીને કેટલા વાર કપડું હશે!
(૭) એક ગાડામાં ૩૦ મણ એવા ૭ ગાડામાં ઘઉં ભરેલા છે, તો બધું મળીને કેટલા મણ ઘઉં હશે!

(૮) મહીનાનો ખરચ ૨૫ રૂપીઆ થાય તો ૭ મહીનાનો કેટલો ?

(૯) દર મહીને ૨૭ રૂપીઆ ખરચ્યું, તોપણુ મારી પાસે ૯ મહીના ચાલે એટલા રૂપીઆ છે, ત્યારે કેટલા રૂપીઆ હશે ?

(૧૦) ઓગણત્રીસા, પચીસા, અઠ્ઠાવીસા અને સત્તાવીસા સવળા તથા અવળા બોલો.

(૧૧) ૨૧×૧ થી ૩૦×૧૦ સુધીમાં ૩, ૫, ૭ અને ૪ની પલાખી લખો.

(૧૨) ૨૧×૧ થી ૩૦×૧૦ સુધીમાં નવની પલાખી બોલો.

(૧૩) ૨૮ આનાના સવાઆ, ઢંમુ અને અધેલા કેટલા ?

(૧૪) ૨૨૪, ૨૫૨, ૨૩૨, ૨૦૭, ૨૧૬, ૧૭૫, ૧૩૫, ૨૩૪, ૨૦૮ ૨૦૩, ૨૧૭ એ આંકમાં કેવી રીતે બોલાય છે ?

(૧૫) ૭ વીસાસા, બે સાતોતેર, બે બાવાના, બે તીલોતેર, બે ચોવીસા લખો.

(૧૬) ૧૪૫+૨૯, ૨૪૩+૨૭, ૨૦૭+૨૩, ૧૭૫+૨૫, ૧૪૭+૨૧ કેટલા?

(૧૭) ૩૦+૨૪૦, ૨૭+૮૧, ૨૫+૧૭૫, ૨૬+૧૫૬, ૨૯+૨૦૩ કેટલા?

(૧૮) ૨૦૦–૨૫, ૨૦૭–૨૩, ૧૭૪–૨૯, ૨૧૬–૨૪ કેટલા ?

(૧૯) ૧૪૭–૨૬, ૧૮૯–૧૬૨, ૧૨૫–૧૦૦, ૧૪૦–૧૧૨ કેટલા ?

(૨૦) ૩૦૦ માં ૧૨ કેરી ઓછી છે ત્યારે કેટલી કેરીઓ હશે ?

(૨૧) ૨૬૧માંથી કંઇ ન વધે ત્યાં સુધી ઓગણત્રીસ ઓગણત્રીસ બાદ કરતા જાઓ અને બાકી શું વધે કહેતા જાઓ.

(૨૨) ૧૩૫ ગજ માદરપાટમાંથી ૫ ગજનાં કેટલાં ધોતીઆં થાય ?

(૨૩) કેટલી વખત ૨૬ કેરી લઉં તો ૨૩૪ કેરી થાય ?

(૨૪) એક નિશાળમાં ૨૦૭ છોકરા છે, દરેક વર્ગમાં ૨૩ છોકરા છે તો વર્ગ કેટલા હશે ?

(૨૫) એક નિશાળમાં ૨૫૨ છોકરા છે, અને ૯ વર્ગ છે, ત્યારે દરેક વર્ગમાં કેટલા છોકરા હશે ?

(૨૬) કેટલી વખત ૭ લઈએ તો ૧૬૮, ૧૬૨, ૧૫૬, ૧૩૨, ૧૪૪, ૧૩૮ અને ૧૨૬ થાય ?

(૨૭) ક્યા ક્યા પલાખાના જવાબમાં ૧૪૪ અને ૯૬ આવે ?

(૨૮) મેં એક માણુસને દસ દસ રૂપીઆવાળી ૨૬ નોટો આપી અને ૯ રૂપીઆ રોકડા આપ્યા, ત્યારે પોણી ત્રણુસોથી કેટલા વધારે અથવા ઓછા આપ્યા ?

(૨૯) ચાર આનાની એક ચોપડી મળે તો ૭ રૂપીઆમાં કેટલી આવે ?

મનોયત્ન ૩ અડધાના આંકનો ઉપયોગ.

(૧) એક કાગળના બે સરખા ભાગ પાડીએ તો દરેક ભાગ કેટલો કહેવાય ? અડધામાં અડધો ઉમેરી ૪૦ સુધી લખો.

(૨) ૭ અડધા કાગળ છે તેના આખા કાગળ કેટલા થશે ?

(૩) ૨૪ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા થાય ?

(૪) હું દરરોજ ૦॥ લાડુ ખાઉં, તો ૩૨ દિવસ ચાલે એટલા લાડુ છે, ત્યારે કેટલા લાડુ હશે ?

(૫) એક ટોપીનો અડધો રૂપીઓ બેસે છે, તો ૬૯ ટોપી લેવાને કેટલા રૂપીઆ જોઈએ ?

(૬) ૧૭×૦॥, ૨૩×૦॥, ૭૦×૦॥, ૬૭×૦॥, ૭૯×૦॥ કેટલા ?

(૭) અડધાની બેકીની પલાખી બોલી જાઓ.

(૮) અડધાની એકીની પલાખી લખો.

(૯) ૫૦૦ અડધા રૂપીઆ છે, તેના આખા રૂપીઆ કેટલા આવશે ?

(૧૦) ૧૭॥ રૂપીએ મણ સોપારી મળે તો ૨૭ મણનું શું બેસે ?

(૧૧) ૩૧૭॥ માં ૧૨॥ ઉમેરીએ તો કેટલા થાય ?

(૧૨) ૨॥ રૂપીઆનું ઘી, ૧॥ રૂપીઆનું શાક, અને ૧૨॥ રૂપીઆનું અનાજ લીધું તો બધું મળીને કેટલો ખર્ચ થયો ?

(૧૩) ૩૦॥+૦॥+૪॥+૩૪॥ મળીને કેટલા થાય ?

(૧૪) કેટલીવાર અડધો લઇએ તો ૩૨॥ થાય ? કેટલા અર્ધું ૩૨॥ ?

(૧૫) ૩૭ આખાના અર્ધા કેટલા ? ૭૪ અડધાના આખા કેટલા ?

(૧૬) ૪૫ રૂપીઆ છે, દરેક ભિખારીને ૦॥ રૂપીઓ આપું તો કેટ-લાને અપાય ?

(૧૭) એક ખમીસની શીવડામણી ૦॥ રૂપીઆ બેસે છે, તો ૨૪ રૂપીઆમાં કેટલા ખમીસ શીવડાવાશે ?

(૧૮) દરરોજ અડધો શેર અનાજ ખાઉં તો ૩૯ શેર અનાજ કેટલા દિવસ ચાલે ?

(૧૯) ૪૯ સોપારી છે. તેના અડધા અડધા કેટલા કકડા થશે ?

(૨૦) ૪૬ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા આવશે ?

(૨૧) ૩૬ ગજ લુગડામાંથી અડધા અડધા ગજના કેટલા રૂમાલ થશે ?

(૨૨) કેટલા અડધા હોય તો તેના આખા પુરેપુરા થાય ?

(જ. ૨. ૪. ૬. ઇત્યાદી.)

(૨૩) દરરોજના ૦॥ રૂપીઆ લેખે ૧૮ માણસને ૯ દિવસના કેટલા રૂપીઆ આપવા પડશે

(૨૪) ૦॥ આનાની એક પેન્સિલ તો રૂપીઆની કેટલી ?

(૨૫) ૧૭ પેનના ૮॥ પૈસા તો ૬૮ પેનનું શું આપવું ?

મનોયત્ન ૪. દોઢાના આંકનો ઉપયોગ.

(૧) એક ને અડધો મળી કેટલા થાય ?
(૨) અડધો ને એક મળી કેટલા થાય ?
(૩) કેટલા અડધા કાગળ હોય તો દોઢ કાગળ થાય ?
(૪) અડધો કાગળ કેટલીવાર લઇએ તો દોઢ થાય ?
(૫) દોઢ કાગળમાંથી અડધો કાગળ કેટલા છોકરાને અપાય ?
(૬) દોઢમાં પોણો કેટલીવાર ? દોઢમાં અડધો કેટલીવાર ?
(૭) ૦॥ કેટલીવાર લઇએ તો દોઢ થાય ?
(૮) દોઢ રૂપીઓ છે. તેમાં દોઢ ઉમેરીએ તો કેટલા થાય ?
(૯) ત્રણ લાડુમાંથી દોઢ લાડુ ખાધો તો કેટલા રહ્યા ?
(૧૦) મારી પાસે ૦॥ રૂપીઓ છે, તેમાં શું ઉમેરૂં તો દોઢ રૂપીઓ થાય ?
(૧૧) દોઢાની એકીની પલાખી બોલો. દોઢાની એકીની પલાખી લખો.
(૧૨) ૫૭×૧॥, ૬૯×૧॥, ૬૭×૧॥, ૭૦૦×૧॥, ૪૯×૧॥ કેટલા ?
(૧૩) ૧૩॥ માં દોઢ દોઢ ઉમેરી ૧૦૦॥ સુધી લખો.
(૧૪) એક તામડામાં દોઢ મણ દૂધ માય તો ૨૭ તામડામાં કેટલું માશે ?
(૧૫) રૂપીઆની ૧॥ શેર બરફી મળે, તો ૩૭ રૂપીઆની કેટલી આવે ?
(૧૬) એક બંડીમાં દોઢ ગજ કપડું વપરાય, તો ૫૯ બંડી માટે કેટલા ગજ કપડું જોઇએ ?
(૧૭) એક આનાના દોઢ શેર કારેલાં મળે તો ૩ રૂપીઆનાં કેટલાં ?
(૧૮) એક બળદને ૧॥ શેર અડદ જોઇએ, તો ૬૭ બળદને માટે કેટલા અડદ જોઇશે ?
(૧૯) એક લોટો દોઢ શેરનો થાય, તો ૫૭ લોટાનું વજન કેટલું ? થશે ?

(૨૦) એક સાધુને ૧ાા શેર લોટ આપીએ તો ૭૯ સાધુને આપવાને કેટલો લોટ જોઇએ ?

(૨૧) એક શેર બદામનો ૧ાા રૂપીઓ બેસે તો ૦ાા મણ ૯ શેર બદામનું શું બેસશે

(૨૨) મણ ઘીના ૩૭ રૂપીઆ બેસે તો ૧ાા મણ ઘીનું શું બેસે ?

(૨૩) એક તપેલામાંથી દોઢશેરીઓ લોટો ૬૪ વખત ભરી આપ્યો ત્યારે કેટલું દૂધ આપ્યું ?

(૨૪) ૬૯+૧ાા, ૪૬ાા+૧ાા, ૧૦૩ાા+૧ાા, ૯૯+૧ાા, કેટલા ?

(૨૫) ૧ાા+૮૨ાા, ૧ાા+૪૫, ૧ાા+૬૭ાા, ૧ાા+૭૨, કેટલા ?

(૨૬) ૧૦ાા−૧ાા, ૬૯−૧ાા, ૧૦૨−૧ાા, ૧૧૨ાા−૧ાા, કેટલા ?

(૨૭) ૨૮ાા મણ દૂધમાંથી ૨૭ મણ વપરાયું ત્યારે બાકી કેટલું રહ્યું ?

(૨૮) ૨૪ આખા અને ૨૪ અડધા મળી કેટલા થાય ?

(૨૯) કેટલીવાર દોઢ લઇએ તો ૫૭ થાય ?

(૩૦) ૫૫ાામાં દોઢ કેટલીવાર છે ? કેટલા દોઢું ૫૫ાા ?

(૩૧) ૭૫ રૂપીઆમાંથી ૧ાા રૂપીઆવાળી કેટલી ટોપી આવશે ?

(૩૨) ૪૭ છોકરા વચ્ચે ૭૦ાા રૂપીઆ વહેંચું તો દરેકને શું મળશે ?

(૩૩) રોજ દોઢ શેર ખાંડ વપરાય તો ૩૭ાા શેર ખાંડ કેટલા દિવસ ચાલશે ?

(૩૪) ૧ાા ગજ ખાદીનો રૂ. ૧ બેસે તો ૪૦ાા ગજ ખાદીનું શું બેસે ?

(૩૫) ૭૯ાા રૂપીઆમાં ૫૩ બદન લીધાં તો એક બદનની કિંમત કેટલી પડી ?

(૩૬) કેટલા દોઢે ૭૨ ? કેટલા દોઢું ૧૦૦ાા ? કેટલા દોઢે ૧૫૦૦ ?

(૩૭) ૪૩ાા ગજના તાકામાંથી ૧ાા ગજના કેટલા રૂમાલ થાય ?

(૩૮) રોજ ૧॥ રૂપીઓ વાપરૂં તો ૯૦ રૂપીઆ કેટલા દિવસ ચાલે?

(૩૯) દરેકને દોઢ કાગળ આપીએ તો ૩૯ કાગળ કેટલાને અપાય?

(૪૦) જેટલા અડધા તેટલાજ રૂપીઆ કેટલીવાર લઉં તો ૯૬ રૂપીઆ થાય?

(૪૧) દોઢ રૂપીઆની શેર હીંગ મળે તો ૩૯ શેરનું શું બેસે?

(૪૨) ૪૮ માં દોઢ કેટલીવાર ઉમેરૂં તો ૭૨ થાય?

(૪૩) ૫૭ પંચીઆના ૮૫॥ રૂપીઆ બેઠા તો એ લેખે ૭ પંચીઆનું શું આપવું પડે?

(૪૪) એક માણુસ દરરોજ ૧॥ રૂપીઓ કમાય છે, તો ૧૪ માણુસો ૯ દિવસમાં શું કમાશે?

(૪૫) ૧॥ આને શેર વેગણુ મળે છે, ૧॥ રૂપીઆમાં કેટલાં આવે?

(૪૬) ૩ શેર દુધીના ૪॥ આના તો ૭ શેર દુધીનું શું આપવું?

મનોયત્ન ૫. અઢીઆના આંકનો ઉપયોગ.

(૧) બે ને અડધો કેટલા? દોઢ ને એક કેટલા?

(૨) દોઢમાં શું ઉમેરીએ તો ૨॥ થાય?

(૩) અઢીઆની બેકીની ને ચોકની પલાખી લખો.

(૪) ૪૭॥+૨॥, ૬૭॥+૨॥, ૧૫+૨॥, ૧૦૨॥+૨॥, ૧૮૦+૨॥ કેટલા?

(૫) ૨॥+૮૫, ૨॥+૪૭॥, ૨॥+૨૦૫, ૨॥+૧૦૦ કેટલા?

(૬) ૧૦૨॥–૨॥, ૧૦૫–૨॥, ૧૦૦–૨॥, ૨૧૦–૨॥, કેટલા?

(૭) ૧૯૦–૧૮૭॥, ૧૬૭॥–૧૬૫, ૧૦૦–૯૭॥ કેટલા?

(૮) અઢીઆમાં અઢી ઉમેરી ૧૦૦ સુધી બોલો.

(૯) પાંચ લાડુમાંથી અઢી લાડુ વપરાયા ત્યારે કેટલા રહ્યા?

(૧૦) એક પડામાં ૨॥ શેર માય તો ૬૪ પડામાં કેટલું માય?

(૧૧) ૨॥ શેર જીરાનો ૧ રૂપીઓ બેસે તો ૧૫ રૂપીઆનું કેટલું આવે?

(૧૨) એક મણના રૂ. ૨॥ તો ૩૬ મણના કેટલા રૂપીઆ?

(૧૩) રૂ. ૨॥એ શેર એલચી મળે તો ૩૫ શેરનું શું બેસે?

(૧૪) મણ કેરીના ૨॥ રૂપીઆ તો ૪૯ મણનું શું?

(૧૫) એક માણસને ૨॥ રૂપીઆ આપીએ તો ૫૫ માણસને આપવા કેટલા રૂપીઆ જોઇએ?

(૧૬) એક તાવડીનું વજન ૨॥ મણ થાય છે, ત્યારે એવી ૮૭ તાવડીનું વજન કેટલું થશે?

(૧૭) મણ દુધમાં ૨॥ શેર ચોખા નાખીએ તો ૬૩ મણ દુધને માટે કેટલા ચોખા જોઈએ?

(૧૮) ૧ રૂપીઆનું ૨॥ મણ તો ૬૭॥ મણનું શુ આપવું?

(૧૯) ૨॥ શેરના ૧ રૂપીઆ બેસે તો ૧૮ રૂપીઆમાં કેટલું આવે?

(૨૦) એક દિવસનો ખરચ ૨॥ રૂપીઆ થાય, તો ૭૭ દિવસમાં કેટલો ખરચ થશે?

(૨૧) ૫૪ છત્રી લેવી છે, એક છત્રીના ૨॥ બેસે છે, તો છત્રીવાળાને કેટલા રૂપીઆ આપવા પડશે?

(૨૨) ૨૧ રૂપીએ તોલો સોનું મળે તો ૨॥ તોલાનું શું આપવું?

(૨૩) એક રૂપીઆના ૨॥ શેર મરી મળે, તો ૨૫ શેરનું શું બેસશે?

(૨૪) કેટલા અડધા હોય તો ૨॥ થાય? અઢીઆમાં અડધો કેટલીવાર?

(૨૫) કેટલા પા અઢી? અઢીમાં પા કેટલીવાર છે?

(૨૬) ૧ રૂપીઆનું ૨॥ શેર તો મણનું શું?

(૨૭) ૮૪ માણસોની ઉજાણીમાં ૨૧૦ રૂપીઆ ખરચ થયો તો દરેકને ભાગે શુ આવશે ?

(૨૮) ૬૯ છોકરા વચ્ચે ૧૭૨॥ રૂપીઆ વહેંચીએ તો દરેકને શુ મળશે ?

(૨૯) કેટલા અઢીએ ૪૫ ? કેટલીવાર અઢી લઇએ તો ૧૦૦ થાય ?

(૩૦) ૧૦૦માં ૪૦ કેટલીવાર ? ૧૦૦માં અઢી કેટલીવાર ?

(૩૧) રૂ. ૯૭॥ છે, રોજ ૨॥ રૂ. ખરચું તો કેટલા દિવસ ચાલશે ?

(૩૨) ૨॥ આને શેર દૂધ મળે તો ૨॥ રૂપીઆમાં કેટલું આવશે ?

(૩૩) ૫૭॥ રૂપીઆમાં ૨॥ તોલા સોનું આવ્યું ત્યારે તોલાનો ભાવ શો ?

(૩૪) ૨૭ માણસ છે, અને ૬૭॥ રૂપીઆ છે, તો દરેક માણસને શું મળશે ?

(૩૫) શેર હીંગના ૨॥ રૂપીઆ પડે તો ૪૫ રૂપીઆમાં કેટલી આવે ?

(૩૬) રૂ. ૧૦૦માંથી અઢી અઢી રૂપીઆવાળી કેટલી ચોપડી આવશે ?

(૩૭) એક આનાની ૨॥ શેર પાપડી મળે તો ૧ રૂપીઆની કેટલી આવશે ?

(૩૮) ૨॥ રૂપીઆવાળી ટોપી ૧૨॥ રૂપીઆમાંથી કેટલી આવશે ?

(૩૯) ૨॥ શેર જલેબીનો એક રૂપીઓ પડે તો ૭૭ રૂપીઆમાં કેટલી જલેબી આવશે ?

(૪૦) દરરોજ અઢી આનાનું દૂધ વપરાય છે, મેં દૂધવાળાને રૂ. ૧૦) આપ્યા ત્યારે કેટલા દિવસ દૂધ લીધું હશે ?

મનોયત્ન ૬. પાયાના આંકનો ઉપયોગ.

(૧) એક લાડુના ચાર સરખા ભાગ પાડીએ તો દરેક ભાગ કેટલો કહેવાય ?

(૨) ચાર ૦। એકઠા કરીએ તો આખા કેટલા થાય ?

(૩) ૦। એ અડધાનો કેટલામો ભાગ? આખાનો કેટલામો ભાગ ?

(૪) ૧ માં ૦I, ૦I ઉમેરી ૧૯III સુધી બોલો.

(૫) ૧૭+૦I, ૨૩I+૦I, ૨૯II+૦I, ૨૮III+૦I, ૦I+૩૦ કેટલા?

(૬) ૪૯, ૫૯, ૬૯, ૭૯, ૮૯, ૯૯, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦ માં ૦I ઓછો તે કેટલા કહેવાય?

(૭) ૨૫ માંથી ૦I, ૦I બાદ કરી ૯II સુધી બોલો.

(૮) ૯૮III, ૮૫III, ૧૮III, ૫૭III, ૧૬III, ૪૯III, શબ્દમાં લખો.

(૯) પાયાની ચચ્ચારની પલાખી બોલો.

(૧૦) પાયાની ચચ્ચારની અને અડધાની બન્નેની પલાખી લખો.

(૧૧) ૪૯×૦I; ૫૧×૦I; ૪૩×૦I; ૧૦×૦I; ૬૭×૦I કેટલા?

(૧૨) ૬૯, ૭૩, ૭૧, ૪૧, ૩૭, ૫૫, ૭૯, ૫૭, ૮૯, ૮૩, ૯૭, ૯૩, ૪૯, ૪૩, ૪૬, ૯૧, ૬૩, ૩૧, ૫૧, ૭, અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા? પાવલીના રૂપીઆ કેટલા?

(૧૩) ૪૦૦ ગજ, ૮૦ ગજ, ૯૦ ગજ, ૬૦૦ ગજ, અને ૬૦ ગજમાંથી અડધા ગજના કેટલા રૂમાલ થાય? ૦I ગજના કેટલા થાય?

(૧૪) ૫૯, ૬૩, ૯૦, ૮૫, ૯૩, ૭૦૦ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા આવે? પાવલીઓ કેટલી આવે?

(૧૫) ૯ રૂપીઆના પાવલા કેટલા? ૩૬ પાવલાના રૂપીઆ કેટલા?

(૧૬) મારી પાસે ૧૭ અડધા છે. તેની પાવલી કેટલી આવશે?

(૧૭) કેટલીવાર ૦I રૂપીઓ લઇએ તો ૧૯ રૂપીઆ થાય?

(૧૮) કેટલા ૦I હોય તો ૧૭, ૫II, ૨૩III, ૧૪ અને ૩II થાય?

(૧૯) ૧૭, ૫II, ૨૩III, ૧૪ અને ૩II ને પાગે ભાગીએ તો શું આવે!

(૨૦) કેટલી વખત ૦I મણ લઇએ તો ૧૯, ૨૨, ૧૧, ૧૩ અને ૨૦, ૭I, ૧૭I, ૧૯III મણ થાય?

(૨૧) ૩૯, ૨૨, ૧૭, ૧૫॥, ૪७॥ ૩७॥ ગજ લુગડામાંથી અડધા ગજના કેટલા કકડા થાય? ૦। ગજના કેટલા થાય?

(૨૨) કેટલીવાર ૦। કાગળ લઉં તો ૧૬, ૧૮, ૧૦, ૨૩, ૨૧, આખા કાગળ થાય?

(૨૩) ૧૮ વખત ૦। રૂપીઓ લઉં તો કેટલા રૂપીઆ થાય? સાડા ચાર રૂપીઆની પાવલી કેટલી? કેટલી પાવલીઓ હોય તો ૧૪ રૂપીઆ થાય? ૧૪ રૂપીઆની પાવલી કેટલી?

(૨૪) રોજ ૦। કાગળ વાપરીએ તો ૨૫ દિવસમાં કેટલા કાગળ વપરાય? ૨૩ કાગળ હોય તો કેટલા દિવસ ચાલે?

(૨૫) એક પૈસાના ૦। શેર ભીંડા મળે તો ૧॥ રૂપીઆના કેટલા આવશે?

(૨૬) ૮ આનાની ૩૨ પેન તો ૧। રૂપીઆની કેટલી?

મનોયત્ન ૭ નાણાંની ધાતનો ઉપયોગ.

(૧) એક રૂપીઆના અડધા કેટલા? પાવલી કેટલી? બેઆનાની કેટલી? આની કેટલી? ઢબુ કેટલા? પૈસા કેટલા? પાઇ કેટલી?

(૨) રૂપીઓ કોની કોની બરોબર છે? શું શું આપવાથી રૂપીઓ મળે?

(૩) ૧૬ ઢબુ; ૫૨ પૈસા; ૩૨ બેઆની; ૧૧૨ આના; ૬૪ પાવલી; ७૨ પાઈ; અને ૬૪ અડધાની કિંમત કહો.

(૪) તાંબાના સિક્કા ગણાવો. રૂપાના કયા કયા સિક્કા છે?

(૫) એક રૂપીઆમાં બે પૈસા ઓછા છે ત્યારે કેટલા આના હશે?

(૬) પાવલીમાંથી શું ખરચું તો ૯ પૈસા રહે?

(७) ૪ આનામાં કેટલા આના ઉમેરૂં તો રૂપીઓ થાય?

(૮) ૧ અડધો, ૧ પાવલી, ૧ બેઆની છે તેમાં કેટલા પૈસા નાખું તો એક રૂપીઓ થાય ?

(૯) એક આનાની ૧૨ પાઇ તો ૪ આનાની કેટલી ? પાવલાની કેટલી ? અડધાની કેટલી ? નીકલના સિક્કા ગણાવો.

(૧૦) ૯, ૬, ૭, અને ૩ આનાની પાઇ કેટલી ? પૈસા કેટલા ?

(૧૧) એક રૂપીઆના ૧૬ આના તો ૩ રૂપીઆના કેટલા આના ?

(૧૨) ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, અને ૯ રૂપીઆના આના કેટલા ?

(૧૩) ૮ આનાની પાઇ કેટલી ? અડધા રૂપીઆની આની કેટલી ?

(૧૪) ૧૨ રૂપીઆના અડધા કેટલા ? પાવલી કેટલી ? બેઆની કેટલી ?

(૧૫) ૧૮ આનાના પૈસા કેટલા ? ઢબુ કેટલા ? દોઢ પાઈ કેટલી ?

(૧૬) પાંચ આના ને ત્રણ પૈસા; બે આના ને બે પૈસા; આઠ આની ને એક પૈસાની પાઈ કેટલી ?

(૧૭) બે પૈસાની એક પેનસીલ મળે છે, ૧॥ રૂપીઆની કેટલી આવે ?

(૧૮) પાંચ રૂપીઆની બેઆનીમાં એક બેઆની ઓછી છે, ત્યારે બેઆનીઓ કેટલી હશે ?

(૧૯) અડધા રૂપીઆમાંથી બે પૈસાના પાન. ૧ આનાની સોપારી, ઢબુની પાપડી. ને આનાના મમરા લીધા, હવે મારી પાસે શું રહ્યું ?

(૨૦) દુકાનદારને એક રૂપીઓ આપ્યો. તેણે મને ૧ અડધો, ૧ આની ને ૩ પાઈ પાછી આપી ત્યારે મેં કેટલાનો સોદો લીધો હશે ?

(૨૧) ૧૧૨, ૯૬, ૧૪૪, ૪૮, ૩૨, અને ૬૪ આનાના રૂપીઆ કેટલા ? અને અડધા કેટલા ?

(૨૨) ૬૪, ૭૨, ૫૬, ૩૨ ૪૮, ૫૨, ૭૬ અને ૮૦ પાવલીના રૂપીઆ કેટલા? અડધા કેટલા?

(૨૩) ૨૪, ૩૬, ૭૨, ૧૦૮, ૪૮, ૯૬ અને ૬૦ પાઇના આના કેટલા? અને પૈસા કેટલા?

(૨૪) ૧૪૪ આનાના કેટલા રૂપીઆ આવે? અડધા કેટલા આવે?

(૨૫) ૭૪, ૬૭, ૨૯, ૩૫ અને ૬૩ પૈસાના આના કેટલા?

(૨૬) રોજ પાવલી ખરચું તો ૫ રૂપીઆ કેટલા દિવસ ચાલે?

(૨૭) ૧૨ શેરના ત્રણ આના બેસે તો શેરનું શું આપવું?

(૨૮) ૧૫, ૧૭, ૮, ૧૨, ૧૪, ૧૯ અને ૧૫ અડધાની પાવલી કેટલી? બેઆની કેટલી? રૂપીઆ કેટલા?

(૨૯) પાંચ બેઆનીના પૈસા કેટલા? અધેલા કેટલા?

(૩૦) ૧૨ અડધા, ૪ પાવલી, અને ૬૪ બેઆની આપું તો કેટલા રૂપીઆ મળે?

(૩૧) રોજ બે આના ખરચું તો ૧૬ દિવસ ચાલે એટલા રૂપીઆ છે, ત્યારે કેટલા રૂપીઆ હશે?

(૩૨) એક આનાના ૧૭ બોરીઆં મળે તો અડધા રૂપીઆના કેટલા મળશે? અને જો ૧૫૩ બોરીઆં લેવાં હોય તો શું આપવું?

(૩૩) ત્રણ પાનની ૧ પાઈ બેસે તો દોઢ આનાના કેટલાં પાન આવશે? ને જો ૭૨ પાન લેવાં હોય તે શું આપવું?

(૩૪) બે આનાના પાંચ જમરૂખ મળે તો ૧ રૂપીઆના કેટલાં આવશે? અને જો ૨૦ જમરૂખ લેવાં હોય તો શું આપવું?

(૩૫) ૧૩૦ રૂપીઆ હોય તો પાંચ રૂપીઆવાળી નોટ કેટલી આવે? ૧૦ રૂપીઆવાળી કેટલી નોટ મળે?

(૩૬) બે આનાના બોર વધારે મળે કે ૧૫ પૈસાના ?
(૩૭) એક આનાની ૧૨ પેન મળે તો પાંચ પાઇની કેટલી આવે ? અને જો ૭ પેન લેવી હોય તો શું આપવું ?
(૩૮) રૂપીઆના ૧૬ શેર વેગણ મળે તો ત્રણ આનાના કેટલાં ?
(૩૯) એક રૂપીઆની ૪ શેર કેરી મળે તો ૧ શેરનું શું બેસે ?

મનોયત્ન ૮ પરચુરણ હિસાબ.

(૧) ૧૬ કેરીમાંથી ૧૨ બગડી ગઈ તો સારી કેટલી રહી ?
(૨) ૧૫૭ રૂપીઆમાં ૯ રૂપીઆ ઉમેરીએ તો કેટલા રૂપીઆ થાય ?
(૩) એક આનાવાળી ૧૧૨ ટિકિટ લીધી ને દશ રૂપીઆની નોટ આપી તો મને પાછું શું મળશે ?
(૪) ૨૪ માં કેટલા ઉમેરૂં તો ૭૨ થાય ?
(૫) ૧૩૯ રૂપીઆમાંથી ૫ રૂપીઆવાળી નોટો લેતા ૯ રૂપીઆ વધ્યા ત્યારે કેટલી નોટો લીધી હશે ?
(૬) ૧૨૪ રૂપીઆમાંથી ૫ રૂપીઆવાળી કેટલી નોટ આવે અને કેટલા રૂપીઆ વધે ?
(૭) બે આનાની ૨૯ ટીકડી મળે તો એક રૂપીઆની કેટલી મળે ?
(૮) એક બકરી દરરોજ દોઢ શેર દૂધ આપે તો તેવી ૬૭ બકરી કેટલું દૂધ આપશે ?
(૯) એક ટોપીનો ૦॥ રૂપીઓ તો ૭૯ ટોપીઓના કેટલા રૂપીઆ ?
(૧૦) દરેક છોકરાને ૦। શેર દૂધ આપતાં ૮૯ છોકરાને પાવાને માટે કેટલું દૂધ જોઇશે ?

(૧૧) એક છોકરો અડધો લાડુ ખાય તો ૯૭ છોકરા કેટલા લાડુ ખાશે? ૧૫ લાડુ કેટલા છોકરાને પહોંચશે?

(૧૨) ૨૬ શેરના નવટાંક કેટલા? પાશેર કેટલા? અચ્છેર કેટલા?

(૧૩) એક ગાય ૯ શેર દૂધ આપે તો તેવી ૨૫ ગાયો કેટલું દૂધ આપશે? અઢી હજાર એટલે કેટલા સો?

(૧૪) ૨૭ અડધાના રૂપીઆ કેટલા? પાવલી કેટલી? બેઆની કેટલી?

(૧૫) પાંચ રૂપીઆવાળી ૧૬ નોટના કેટલા રૂપીઆ આવે?

(૧૬) એક ઘડિઆળના ૨॥ રૂપીઆ બેસે તો એ લેખે પોણોસો ઘડિઆળનું શું બેસે?

(૧૭) એક છત્રીનો દોઢ રૂપીઓ બેસે તો ૫૭ છત્રીનું શું આપવું?

(૧૮) એક ઘડિઆળના ૮ રૂપીઆ બેસે તો ૨૮ ઘડિઆળનું શું બેસે?

(૧૯) ૩૪ રૂપીઆનું એક મણ ઘી મળે તો ૨॥ મણનું શું?

(૨૦) એક આનામાં ૦॥ મણ ભાર લઇ જવાય તો ૧૭ આનામાં કેટલો ભાર લઇ જવાય?

(૨૧) પૈસાવાળી ૯૬ ટિકિટ આપી, તેને બદલે ૦॥ આનાવાળી કેટલી ટિકિટ લેવી? આનાવાળી કેટલી લેવી?

(૨૨) દસ રૂપીઆવાળી ૨૭ નોટ ને ૫ રૂપીઆ રોકડા છે ત્યારે બધું મળી કેટલા સો રૂપીઆ હશે?

(૨૩) એક રૂપીઆની ૨॥ શેર સોપારી મળે છે, અને ૨॥ રૂપીઆની શેર એલચી મળે છે, ત્યારે ૧૪ શેર એલચી આપીએ તો કેટલી સોપારી મળે?

(૨૪) આગગાડી એક કલાકમાં ૨૭ માઈલ ચાલે, તો ૨૪૩ માઈલ જવાને કેટલા કલાક લાગે?

(૨૫) દરેક છોકરાને ૦।, ૦। રૂપીઓ આપતાં ૫ રૂપીઆની નોટમાંથી કેટલા છોકરાને અપાશે ?

(૨૬) સાડીસો, પોણીસો, પોણોસો, ૦। હજાર, અઢીસો આંકડામાં લખો.

(૨૭) ૯૯॥। અને ૭૫ શબ્દમાં લખો.

(૨૮) ૧૪૫ આનામાંથી કેટલા રૂપીઆ આવે અને બાકી કેટલા આના રહે તે કહો. ૨૫૦ એટલે કેટલા હજાર ?

(૨૯) એક ચોપડીના ૨॥ રૂપીઆ એસે તો ૧૦૦ રૂપીઆમાંથી કેટલી ચોપડી આવશે ? ૦॥। હજાર એટલે કેટલા સો ?

(૩૦) કેટલા દોઢે ૪૨ ? કેટલા પોણે ૪૨ ? કેટલા અડધે ૪૨ ?

(૩૧) ૧૯૨ કેરીમાં ૨૪ કેરી ઉમેરી તો કેટલી કેરી થઇ ?

(૩૨) ૨૦૭ છોકરામાંથી ૨૩ છોકરા ઊઠી ગયા તો કેટલા રહ્યા ?

(૩૩) ૨૬૧ પેનો ૯ છોકરાને સરખે ભાગે આપતાં દરેકને કેટલી આવે ? સાડી સાતસો એટલે કેટલા હજાર ?

(૩૪) એક તાળાની કિંમત ૧॥ રૂપીઓ એસે તો ૧૮ રૂપીઆમાંથી કેટલાં તાળાં આવે ?

(૩૫) ૨૮ રૂપીઆની ૧૧૨ સ્લેટ લીધી તો એ હિસાબે એક રૂપીઆની કેટલી સ્લેટ પડી ? અને એક સ્લેટનું શું પડયું ?

(૩૬) એક શાલના ૨૭ રૂપીઆ પડે તો એ લેખે ૧૬૨ રૂપીઆમાંથી કેટલી શાલ આવશે ?

(૩૭) ૭૫ રૂપીઆ, ૫૦ છોકરાઓને વહેંચીએ તો દરેકને શું મળશે ?

(૩૮) ૪૨ ગજ દોરડામાંથી ૧॥ ગજના કેટલા કટકા થાય ?

(૩૯) એક ટોપીના ૨॥ રૂપીઆ લેખે ૧૨૦ રૂપીઆમાંથી કેટલી ટોપીઓ આવશે ?

(૪૦) રા મણ ઘીના ૮૭ા રૂપીઆ પડે તો એક મણનું શું ?

(૪૧) ૧૦૨ા રૂપીઆમાં રા મણ ઘી આવ્યું તો ૪૧ રૂપીઆમાં કેટલું આવશે ?

(૪૨) એક મજુર રા મણ વજન ઉપાડે તો ૧૨ા મણ વજનને માટે કેટલા મજુર જોઇએ ?

(૪૩) કેટલા છક ૭૨ ? કેટલા ચોક ૭૨ ? કેટલા નરી ૭૨ ?

(૪૪) કયા કયા પલાખાના જવાબ ૭૨ આવે

(૪૫) જો દરેક માણસને ત્રણ ત્રણ રૂપીઆ આપું, તો ૯૬ રૂપીઆમાંથી કેટલા માણસને અપાશે ? જો ચાર ચાર; બબ્બે; છ છ; આઠ આઠ; બાર બાર; સોળ સોળ; અને ચોવીસ ચોવીસ રૂપીઆ આપું તો કેટલા માણસને અપાય ?

(૪૬) ૪૮ છોકરામાંથી બાર બારની ૪ હાર કરવાને બદલે ત્રણ ત્રણની, છ છની, આઠ આઠની, સોળ સોળની, અને ચોવીસ ચોવીસની કેટલી હાર થશે ?

(૪૭) ૨૦૫ રૂપીઆમાંથી રા રૂપીઆવાળી કેટલી ચોપડી આવશે ?

(૪૮) મારા ઘરમાં ૩૫ શેર ઘઉં છે, જો મારે ૭૦ દિવસ ચલાવવા હોય તો દરરોજ કેટલા વાપરવા ?

(૪૯) પંદરે દાન દોઢસો એમ કયા કયા પલાખામાં દોઢસો આવશે ?

(૫૦) ૨૯ કોથળામાં ૧૪૫ મણ અનાજ ભરાય તો ૭ કોથળામાં કેટલા મણ ભરાય ?

(૫૧) ૯ પૈસાની ૧૮ પેન તો ૦। રૂપીઆની કેટલી ?

(૫૨) ૧૨ સ્ટીલનો ૦। રૂપીઓ તો ૨૮ આનાની કેટલી ?

(૫૩) ૧૪૪ કેળાંના ૨૪ આના તો ૬૦ કેળાંનું શું ?

(૫૪) ૧॥ મણ ઘીના ૫૮॥ રૂપીઆ તો ૧ મણનું શું ?

(૫૫) ૨૧ છોકરાની ૮ હારો છે તેમાંથી ૨૮ છોકરાની કેટલી હાર થશે ?

(૫૬) એક રૂપીઓ વહેંચતાં દરેક છોકરાને ૮ પાઈ મળી ત્યારે છોકરા કેટલા હશે ?

(૫૭) પાંચ રૂપીઆવાળી ૨૮ નોટના કેટલા રૂપીઆ આવશે ?

(૫૮) ૨૮ રૂપીઆની બે આની કેટલી ? પાવલી કેટલી ?

(૫૯) ૭ રૂપીઆવાળી ૪ ખુરસી આપી તેના બદલામાં ૪ રૂપીઆવાળા કેટલા સ્ટુલો લેવા ?

(૬૦) ૨૫ રૂપીઆની ૭ ઢગલી કરવામાં ૨૫ રૂપીઆ ખૂટે છે ત્યારે કેટલા રૂપીઆ હશે ?

(૬૧) ૭ મહીનાના પગારના પોણી બસો રૂપીઆ મળ્યા, ત્યારે એક મહીનાનો કેટલો ગણ્યો હશે ?

(૬૨) ૬૪ દોઢપાઇના કેટલા રૂપીઆ આવશે ?

(૬૩) ૧૨૦ પાવલીના રૂપીઆ કેટલા ? અડધા કેટલા ?

(૬૪) ૧૪૪ કેળાંનો ૧ાા રૂપીઓ બેઠો તો ૧૮ કેળાંનું શું બેસશે ?

(૬૫) ૧૬ રૂપીઆમાં ૮૦ કેરી આવે તો ૬૪ રૂપીઆમાં કેટલી આવશે ?

(૬૬) ૪૦ રૂપીઆના કેટલા આના આવશે ?

(૬૭) ૨૧ પૈસાની ૧૦૫ ટીકડી તો ૨૯ પૈસાની કેટલી ?

(૬૮) ૨૭ ખુરસીના ૧૮૯ રૂપીઆ તો ૧૬૨ રૂપીઆની કેટલી ખુરસી આવશે ?

(૬૯) ૧૭ાા રૂપીઆમાંથી ૦ાા રૂપીઓ કેટલાને અપાય ? ૧૭ાા રૂપીઆના અડધા કેટલા ?

(૭૦) ૧૭ માણસ જમાડતાં ૮ાા રૂપીઆ ખરચ થાય, તો ૬૮ માણસ જમાડતાં કેટલા રૂપીઆ ખરચ થશે ?

(૭૧) ૪ કલાકમાં ૮ પાના વંચાય તો ૧૩ પાનાં વાંચતાં કેટલો વખત લાગશે?

(૭૨) ૨૭ દિવસમાં ૧૩॥ રૂપીઆ ખરચ થયો તો ૧૫ રૂપીઆ કેટલા દિવસ ચાલશે?

(૭૩) ૧ પેન્સિલનો ૦॥ આનો બેસે તો ૨॥ રૂ. ની કેટલી આવશે?

(૭૪) ૮ પળી ભરવાથી ૨ શેર દૂધ થાય, તો ૮૦ પળી ભરવાથી કેટલા મણ દૂધ થશે?

(૭૫) ૭ શેર કંટાળાના રૂ. ૧॥ તો ૧ મણનું શું?

(૭૬) ચાર આનાવાળી ૭ કેરી, ને બે આનાવાળા ૮ દાડમ લીધાં ને દશ રૂપીઆની નોટ આપી ત્યારે કેટલા રૂપીઆ પાછા મળશે?

(૭૭) ૧૮ રૂપીઆનું ૧૨ મણ તો ૨૫॥ રૂપીઆનું કેટલું?

(૭૮) ૧૭ મણના ૨૫॥ રૂપીઆ તો ૧૨ મણનું શું?

(૭૯) ૨૫॥ રૂપીઆમાં ૧૭ મણ તો ૧૨ મણનું શું?

(૮૦) ૧૨ મણના ૧૬ રૂપીઆ તો ૧૭ મણનું શું?

(૮૧) ૧૫ આનાનું ૪૫ શેર તો ૭ આનાનું કેટલું?

(૮૨) ૭ મણના ૩૦ રૂપીઆ તો ૨૮ મણનું શું?

(૮૩) ૨૧ આનાનું ૭ શેર તો સવાપાંચ રૂપીઆનું કેટલું?

(૮૪) ૮ માણસ જમાડતાં ૫ રૂપીઆ ખરચ થાય તો ૮૦ રૂપીઆમાં કેટલા માણસ જમશે?

(૮૫) ૧૨ માણસ ૧૦૮ રૂપીઆ કમાય તો ૨૩ માણસ શું કમાય?

(૮૬) ૭॥ કલાકમાં ૩૧ માઈલ જવાય, તો ૪૨ માઈલ જવાને કેટલો વખત લાગશે?

(૮૭) રૂ. ૨૫૦ નું ૧૦ મણ તો ૮ મણનું શું?

(૮૮) ૨ આનાનું ૧ાા શેર તો રૂ. ૧નું કેટલું ?

(૮૯) ૨૧૬ રૂપીઆ ૮ માસ ચાલે તો ૭ માસમાં કેટલા રૂપીઆ જોઇએ ?

(૯૦) ૨૦ કનક્વાનો રૂ. ૧ા તો ૩૫ કનક્વાનું શું ?

(૯૧) ૫ રૂપીએ મણની ૧૫ મણ મેથી આપીને ૩ રૂપીએ મણની કેટલી રાઇ લેવી ?

(૯૨) ૫ પૈસાના બોર લીધાં, ૭ પૈસા ભાઇએ આપ્યા ત્યારે મારી પાસે ૧૦ પૈસા થયા તો પહેલાં કેટલા પૈસા હશે ?

(૯૩) પૈસાના ૮ લેખે મેં કેટલાક પૈસાના જમરૂખ લીધાં અને તે બધા પૈસાના ૭ લેખે વેચી નાખ્યાં જેથી મને ૧૬ પૈસા ઉપજ્યા ત્યારે મેં કેટલા જમરૂખ લીધાં હશે અને કેટલા પૈસા આપ્યા હશે ?